| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૯ / ૧૦ / ૨૦૨૨ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૯ / ૧૦ / ૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૧૭ / ૦૬ / ૨૦૨૩ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૦** | **૦૭** | **૨૯** |

**મે. મહેસાણાના એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.**

**ક્રિમીનલ અપીલ નંબર–૭૭/૨૦૨૨.**

**આંકઃ–૧૩.**

૧). રાજપુત આશાબેન રણજતસિંહ તે લક્ષ્મણજી નથાજી રાજુપતની દીકરી
ઉ.વ.આ.– ૩૪, ધંધો.– ઘરકામ,

૨). કાર્તીક રણજીતસીંહ રાજપુત,
ઉ.વ.આ. – ૧૧, સગીરના વાલી તરીકે આશાબેન રણજતસીંહ રાજપુત,
બંન્ને રહે.– કામલી,
તા.– ઉંઝા, જી.– મહેસાણા ...... **વિવાદી**

**વિરૂઘ્ઘ**

૧). રાજપુત રણજીતસીંહ ચમનજી,
ઉ.વ.આ.– ૩૬, ધંધો.– ખેતી,
૨). રાજપુત ઉગમબેન ચમનજી,
ઉ.વ.આ.– ૬૨, ધંધો.– ઘરકામ,
૩). રાજપુત ભાવનાબેન ચમનજી,
ઉ.વ.આ.– ૪૨, ધંધો.– મજુરી,
તમામ રહે.– ખંડોસણ,
તા.– વિસનગર, જી.– મહેસાણા. ...... **પ્રતિવિવાદી**

---

**એપીરીયન્સ:–**
વિવાદી તરફે વિ.વ.શ્રી એ. પી. કુરેશી.
પ્રતિવિવાદી તરફે વિ.વ. શ્રી કે. કે. પરમાર.

---

**<u>ચુ કા દો</u>**

(૧).. પ્રસ્તુત અપીલ વિવાદીએ ઉંઝાના વિદ્વાન એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૪૫/૨૦૧૯ના કામે વિવાદીઓની ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ ૨૦૦૫ની કલમ–૧૨, ૧૮, ૧૯, ૨૦,૨૨ મુજબની અરજી નામંજુર કરી તારીખ ૩૦–૦૯–૨૦૨૨ના રોજ આંક–૪૦થી હુકમ કરેલ છે. તે હુકમથી નારાજ થઈ વિવાદીઓએ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ–૨૯ અન્વયે પ્રસ્તુત અપીલ દાખલ કરેલ છે.

**(૨).. વિવાદીએ પ્રસ્તુત અપીલ મુખ્યત્વે નીચે મુજબના કારણોસર અપીલ દાખલ કરેલ છે.**

*''(૧).. નામદાર નીચેની કૉર્ટનો હુકમ ખોટો, ભુલ ભરેલો અને અન્યાયી હોઇ રદ થવાને પાત્ર છે.*

*(૨).. નામદાર નીચેની કૉર્ટનો હુકમ એકતરફી અને રેકર્ડની પુરતી ચકાસણી કર્યા સિવાયનો હોઇ રદ થવાને પાત્ર છે.*

*(૩).. નામદાર નીચેની કૉર્ટનો હુકમ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો છે.*

*(૪).. નામદાર નીચેની કૉર્ટનો હુકમ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત વિરૂધ્ધ હોઇ હસ્તક્ષેપ કરવા પાત્ર છે અને આપખુદ સત્તા વાપરી સ્વચ્છંદી નિર્ણય લઇ વિકૃત રીતે કરવામાં આવેલ છે. જેથી નામાદાર નીચેની કૉર્ટનો હુકમ રદ થવા પાત્ર છે.*

*(૫).. નામદાર નીચેની કૉર્ટે કૌટુંબીક હીંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૦૫ ની જોગવાઇઓ તથા અમો વાદી/અરજદારની મુળ અરજીમાં જણાવેલ હકીકતો સંપુર્ણપણે ધ્યાને લીધેલ નથી માત્ર મનસ્વી*

એકતરફી નિર્ણય લઈ અરજી રદ કરતો હુકમ કરેલ છે. જે ખોટો અને ભુલ ભરેલો હોઈ રદ થવા પાત્ર છે.

(૬).. નામદાર નીચેની કૉર્ટે રજુ થયેલ પુરાવાઓનું કાયદાકીય રીતે મુલ્યાંકન કરેલ નથી અને રજુ થયેલ રેકર્ડ ધ્યાને લીધા સિવાય ઘરેલું હીંસા ની અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે. જે મુળથી જ ખોટો અને ભુલ ભરેલો હોઈ રદ થવા પાત્ર છે.

(૭).. નામદાર નીચેની કૉર્ટે પોતાના હુકમમાં પાન નંબર–૦૪ ઉપર નીચે મુજબનો મુદ્દો ઘડેલ છે.

**મુદ્દા નંબર–૦૧**– શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ કૌટુંબીક હિંસાનો ભોગ બનેલ છે અને તેથી તેઓ અરજીના પેરા નંબર–૦૭ માં માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

જે મુદ્દાનો નિર્ણય "નકાર" માં કરેલ છે. જે નિર્ણય કરવામાં મહત્વની અને ભયંકર ભુલ કરેલ છે. કારણ કે, નીચેની કૉર્ટે આ કામના વાદી/અરજદારની આંક–૦૧ ની અરજી તથા આંક–૧૨ થી સરતપાસ તેમજ આંક–૩૧ થી સામાવાળાની ઉલટતપાસની હકીકત ધ્યાને લીધેલ નથી. આંક–૧૨ ની ઉલટતપાસમાં સ્પષ્ટપણે અરજદારે જણાવેલ છે કે, " એ વાત ખરી નથી કે, સામાવાળાએ મારી સાથે મારઝુડ કરેલ હોય અને મે દફતરી સારવાર લીધેલ નથી. મે સામાવાળાની મારઝુડના કારણે સારવાર લીધેલ હોય તો તે અંગેના દાકતરી પુરાવો રજુ કરવા તૈયાર છું. તેમજ સામાવાળા નંબર–૦૧ પાસેથી જાન્યુઆરી–૨૦૨૦ સુધી ની ભરણપોષણની રકમ મળી ગયેલ છે. જ્યારે સામાવાળાએ જાન્યુઆરી ૨૦૨૦ પછી ભરણપોષણની ચઢત રકમ ભરેલ હોય તેવો પુરાવો નામાદાર કૉર્ટમાં રજુ કરેલ નથી તેમજ આંક–૩૧ ની સામાવાળાની ઉલટતપાસ જોતાં એ વાત ખરી છે કે, મે મારી પત્નીને મકાન ભાડેથી લઈ આપેલું હોય તે બાબતે મે કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, સદર કબુલાત તથા ઘરેલું હિંસાના કાયદાની કલમ–૦૨(ક) તેમજ શારીરિક હિંસા

તેમજ આર્થિક હીંસાની હકીકત ધ્યાને લીધેલ નથી. તેમજ આંક–૦૧તથા આંક–૧૨ ની અરજદારની જુબાનીમાં જણાવેલ કથનો જોતાં અરજદાર સાથે આર્થિક અત્યાચાર થયેલાનું સ્પષ્ટ થાય છે. જેથી નીચેની કૉર્ટે મુદ્દા નંબર–૦૧ નો નિર્ણય "નકાર" માં આપી મહત્વની ગંભીર ભુલ કરેલ છે. જેથી નીચેની કોર્ટનો હુકમ રદ થવા પાત્ર છે.

(૮).. નામદાર નીચેની કૉર્ટે આંક–૪૦ વાળા હુકમમાં જણાવેલ છે કે, અરજદાર સાથે મારઝુડ કરી અરજદારને શારીરિક અને માનસીક ભાસ આપતા હતા. પરંતું, સામાવાળાએ પોતાની અરજીમાં કે પોતાના સોગંદનામામાં બનાવની કોઇ તારીખ કે દિવસ સમય દર્શાવેલ નથી અને તેઓએ ઉલટતપાસ દરમ્યાને સ્વીકારેલ છે કે, તેઓને આજદિન સુધી સામાવાળા સામે કોઇ પોલીસ ફરિયાદ કરેલ નથી. સામાવાળાના ત્રાસના કારણે અરજદારને કોઇ તબીબી સારવાર લેવી પડેલ હોય તે અંગેનો કોઇ પુરાવો રજુ કરેલ નથી દહેજમાં શું શું માંગેલું તે બાબતનો કોઇ ખુલાસો જોવા મળતો નથી. તેમજ અહેવાલમાં વિરોધાભાસ જોવા મળે છે. તેમજ અરજદારની ઉલટતપાસ ધ્યાને લેતાં અરજદાર–૨૦૧૧ માં ભરણપોષણનો કેસ કરેલો. પરંતું, તે સમયે ડોમેસ્ટીક વાયોલન્સનો કોઈ કેસ કરેલ નથી. સને–૨૦૧૧ થી સામાવાળા ના ઘરે ગયેલ નથી. તેમની સાથે લગ્નજીવન વિતાવેલ નથી. ત્યારે હાલના તબક્કે અરજદાર ઘરેલું હિંસાનો ભોગ બનેલ છે તેવું ઠરાવવું યોગ્ય જણાતું નથી તે કારણ જણવી અરજદારની ઘરેલું હિંસાની અરજી રદ કરેલ છે. ટ

પરંતું, નામદાર નીચેની કૉર્ટે રેકર્ડની પુરતી ચકાસણી કર્યા વિના અને ઘરેલું હિંસા અધિનિયમ–૨૦૦૫ ના કાયદાની જોગવાઇઓ ધ્યાને લીધા સિવાય ઘરેલું હિંસાની અરજી રદ કરેલ છે. નામદાર નીચેની કૉર્ટે ઉપરોક્ત જણાવેલ કારણો જણાવેલા તે ખોટા અને ભુલ ભરેલા છે. નામદાર નીચેની કૉર્ટે આંક–૧૨ ની અરજદારની સરતપાસ ધ્યાને લીધેલ નથી તેનો ઘરેલુંહિંસાના બનાવની હકીકત જણાવેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ

સ્પષ્ટપણે જણાવેલ છે કે, સામાવાળા નંબર–૦૧ મને તેડી જવા તૈયાર હોય તો હું જવા તૈયાર છું. જ્યારે અરજદારને ત્રાસ હોય તો કોઈપણ સ્ત્રી પોતાના પતિ ગૃહે જઈ શકે નહી. ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૪૫/૨૦૧૯ ના કામે નામદાર નીચેની કૉર્ટે આંક–૦૭ ની સામાવાળાની સમયમર્યાદા અંગેની અરજી તળે નામદાર કૉર્ટે તા.૧૨–૦૯–૨૦૧૯ ના રોજ કરેલ હુકમ ધ્યાને લીધેલ નથી. સામાવાળાની અરજી નામદાર કૉર્ટે વિથ કોસ્ટ નામંજુર કરેલ છે જે હુકમ ઉપર સામાવાળા નંબર–૦૧ થી ૦૩ નાએ નામદાર સેશન્સ કૉર્ટે વિસનગર મુકામે ક્રીમીનલ અપીલ નંબર–૭૯/૨૦૧૯ દાખલ કરેલી જે પણ નામદાર સેશન્સ કૉર્ટે તા.૦૪–૦૩–૨૦૧૯ ના રોજ નામંજુર કરેલ છે. જે તમામ પુરવા રેકર્ડ પરના પુરાવા છે. જે નામદાર નીચેની કૉર્ટે ધ્યાને લીધેલા નથી કે પોતાના હુકમમાં કોઈ ચર્ચા કરેલ નથી. જેથી નામદાર નીચેની કૉર્ટે મુદ્દા નંબર–૦૧ નો નિર્ણય "નકાર" માં આપીી ભયંકર ભુલ કરેલ છે. જેથી નામદાર નીચેની કૉર્ટેનો હુકમ ખોટો, બુલ ભરેલો અને અન્યાયી હોઈ રદ થવાને પાત્ર છે.

(૯).. કૌટુંબીક હિંસાખોરી થી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૦૨(ક) માં વ્યાખ્યા આપેલ છે તે મુજબ "પીડીત વ્યક્તિ એટલે એવી કોઈ મહીલા કે જે સામાવાળા સાથે પારીવારીક સંબંધમાં છે અને હતી તે જ સામાવાળા દ્વારા પારીવારીક હિંસાનો કોઈપણ કૃત્યનો ભોગ બનેલી હોય તેવો આરોપ મુકે છે. તેમજ કલમ–૦૩ ની જોગવાઈ જોતાં પણ સામાવાળા/પ્રતિવાદીનું કૃત્ય અરજદારે કરેલ આક્ષેપો જોતાં કૌટુંબીક હિંસાખોરીમાં સમાવેશ થાય છે. જેથી નામદાર નીચેની કૉર્ટે અરજદારની આંક–૦૧ ની અરજી તથા આંક–૧૨ની જુબાની ધ્યાને લીધેલ નથી તેમજ સદર કાયદાની કલમ–૧૮ મુજબ રક્ષણનો હુકમ કલમ–૧૯ રહેઠાંણનો હુકમ કલમ–૨૦ નાણાકીય રાહત તેમજ કલમ–૨૨ શારિરીક અને માનસીકત્રાસના વળતરની જોગવાઈઓ અંગે વિગતવાર કારણો દર્શાવી હુકમ કરવામાં આવેલ નથી માત્ર અરજદાર સને–૨૦૧૧ થી સામાવાળાના ઘરે ગયેલા નથી અને

*તેમની સાથે લગ્નજીવન વિતાવેલ નથીી અને ઘરેલું હિંસાની અરજી રદ કરેલ છે. જે કારણો ઉપરોક્ત જોગવાઇ જોતાં માનવાને લાયક નથી જેથી નામદાર નીચેની કૉર્ટનો હુકમ ખોટો અને ભુલ ભરેલો હોઇ રદ થવાને પાત્ર છે. જેથી નામદાર નીચેની કૉર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા પાત્ર છે.*

*(૧૦).. આ કામના અરજદાર નામદાર સિદધપુર કૉર્ટમાં ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૧૬/૨૦૧૧ થી ભરણપોષણનો કેસ દાખલ કરેલ અને અરજદાર નંબર–૦૧ ને માસક રૂ.૨,૦૦૦/– તથા અરજદારને માસીક રૂ.૧,૦૦૦/– ભરણપોષણ ચુકવવાનો અરજી તારીખથી તેની સામે કોઇ તકરાર નથી. પરંતું, સામાવાળાએ ભરણપોષણની રકમ નિયમીત પણે ચુકવેલ નથી જે પણ આર્થિક અત્યાચાર છે. જેથી નામદાર નીચેની કૉર્ટનો હુકમ ખોટો અને ભુલ ભરેલો હોઈ રદ થવા પાત્ર છે.*

*(૧૧).. ઘરેલું હિંસા અધિનિમય ૨૦૦૫ નો કાયદો સ્પેશ્યલ કાયદો છે અને અરજદારની તરફેણનો બેનીફીશીયલ લો છે. સદર કાયદાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૬૮ મુજબના પ્રબંધો સ્પેશ્યલ એક્ટ હોવાથી લાગુ પડી શકે નહી. જેથી નામદાર નચેની કૉર્ટે મુદ્દા નંબર–૦૧ નો નિર્ણય "નકાર" માં કરવામાં ભયંકર ભુલ કરેલ છે. "*

**ફરિયાદપક્ષના કેસની ટૂંકી હકીકત;**

(૩).. અરજદારની અરજીની ટૂંકી હકીકત જોઈએ તો આ કામના અરજદાર નંબર–૦૧ ના લગ્ન હિન્દુ શાસ્ત્રોક્ત વિધી થી સામાવાળા નંબર–૦૧ સાથે આશરે ૧૭ વર્ષ પહેલાં કામલી, તા.ઉંઝા મુકામે થયેલા. અરજદારને લગ્ન સમયે તેમના માતા–પિતાએ કરિયાવરમાં સોનાની કંઠી, સોનાનો દોરો બે તોલાનો, સોનાના પાટલા સવા તોલાના નંગ–૦૨, બે સોનાની વીંટીઓ છ આની ભારની તથા ચાંદીની પગમાં પહેરવાની શેરો આશરે અઢીસો ગ્રામની નંગ–૦૨ તથા પગની પાયલ નંગ–૦૨ તથા રોકડા રૂ.૧૫,૦૦૦/– તથા તીજોરી, પલંગ, રસોડા સેટ તથા કપડા લત્તા આપી સામાવાળાના ઘરે વળાવેલા. લગ્નના શરૂઆતમાં સામાવાળાએ અરજદારને

સારી રીતે રાખેલા અને આ લગ્નજીવનથી તેઓને એક પુત્રનો જન્મ થયેલ છે. જેનું નામ કાર્તીક છે, કાર્તીકના જન્મ પછી સામાવાળાઓએ તેમને દહેજ લઈ આવવા દબાણ કરતા અને સામાવાળા નંબર–૦૧ તે સામાવાળા નંબર–૦૨, ૦૩ ની ચઢવણી થી મારઝુડ કરી અરજદારને શારિરીક અને માનસીક ત્રાસ આપતા અને સામાવાળાઓ ઘણી વખત અરજદાને ખાવાનું આપતા નહિ અને ઘરમાં પુરી રાખતા અને એક નોકરાણી જેવું કામકાજ કરાવતા અને અરજદાર પ્રત્યે ઉપેક્ષ ભર્યું તેમજ ક્રુરતાભર્યું વર્તન કરતા અને સામાવાળા નંબર–૦૧ને કોઈ પરસ્ત્રી સાથે અનૈતીક સંબંધો હોઈ તેના કારણે અરજદાર સાથે મારઝુડ કરતા. પરંતું અરજદાર ઘર મંડાય તે આશયે સામાવાળાઓનો ત્રાસ મુંગા મોઢે સહન કરતા. અરજદાર નંબર–૦૧ ને સામાવાળાઓએ મારઝુડ કરેલ હોઈ તેમજ શારીરિક હાની પહોચાડેલ હોઈ આજની તારીખે પણ તબીબી સારવાર લેવી પડે છે. અરજદારે મે. સિધ્ધપુરના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબની કૉર્ટમાં ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૧૬/૨૦૧૧ થી ભરણપોષણ નો કેસ દાખલ કરેલો. જે અરજીના કામે નામદાર કૉર્ટે અરજદાર નંબર–૦૧ ને માસીક રૂ.૨,૦૦૦/– તથા અરજદાર નંબર–૦૨ ને માસીક રૂ.૧,૦૦૦/– ભરણપોષણ અરજીની તારીખથી ચુકવવા તા.૨૪–૦૯–૨૦૧૨ ના રો હુકમ કરેલ અને ત્યારબાદ અરજદાર તેમના માતા–પિતાના ઘરે કામલી તા.ઉંઝા,જી.મહેસાણા મુકામે આવેલા. અરજદારે અરજીના અંતમાં તેમના રક્ષણ અંગે હુકમ કરવા તેમજ મકાન અથવા તો મકાનના ભાડા પેટે રૂ.૩,૦૦૦/– ચુકવી આપવાનો હુકમ કરવા તેમજ અરજદાર નંબર–૦૧ને રૂ.૧૫,૦૦૦/– તથા અરજદાર નંબર–૦૨ને રૂ.૫,૦૦૦/– ભરણપોષણ ચુકવી આપવાનો હુકમ કરવા તેમજ અરજીમાં જણાવ્યા મુજબના સ્ત્રીધનને અરજદારને પરત અપાવવાનો હુકમ કરવા માટે હાલની અરજ કરેલ છે. ત્યારબાદ વિદ્વાન ટ્રાયલ કૉર્ટે પુરાવો નોધી, બંન્ને પક્ષોની દલીલ સાંભળી અરજદારની અરજી નામંજુર કરવાનો હુકમ કરેલ છે, જે હુકમથી નારાજ થઈ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૪).. બંને પક્ષોની રજૂઆત તથા ટ્રાયલ કોર્ટનો ચુકાદો ધ્યાનમાં લેતા પ્રસ્તુત અપીલના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા:–**

**(૧)..** શું વિવાદી પુરવાર કરી શકે છે કે પ્રતિવિવાદીઓએ તેણી સાથે ઘરેલુ હીંસા આચરેલ છે?

**(૨)..** શું વિવાદી એવુ બતાવી શકે છે કે વિધ્વાન ટ્રાયલ કોર્ટે ક્રિમીનલ પરચુરણ અરજ નંબર ૪૫/૨૦૧૯ના કામે તારીખ ૩૦/૦૯/૨૦૨૨ના રોજ આંક–૪૦થી વિવાદીની અરજી નામંજુર કરતો કરેલ હુકમ ભુલભરેલ, ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી હોઈ તે રદ થવાને પાત્ર છે?

**(૩)..** શું હુકમ?

**(૫)..** **ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા તારણો નીચે મુજબ છે.**

મુદ્દા નંબર– ૦૧ – હકારમાં.

મુદ્દા નંબર– ૦૨ – હકારમાં.

મુદ્દા નંબર– ૦૨ – આખરી હુકમ મુજબ.

**કારણો**

**(૬)..** ઉપરોક્ત કારણો પરત્વેના તારણો નીચે મુજબ છે.

**દલીલ:–**

**(૬.૧)..** વિવાદી તરફે વિધ્વાન વકીલશ્રી એ.પી.કુરેશીને સાંભળ્યા. તેઓએ મુખ્યત્વે અપીલ મેમોમાં જણાવેલ કારણોને દલીલ સ્વરૂપે દોહરાવી એવી રજુઆત કરેલ છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટે પુરાવાનું યોગ્ય મૂલ્યાંકન કરેલ નથી. અરજદારે આંક–૧૨થી જુબાની આપેલ છે. તે જુબાની જોતાં અરજીની હકીકતને પુરતું સમર્થન પ્રાપ્ત થાય છે. જુબાની દરમ્યાન અરજદારે જણાવેલ છે કે જો સામાવાળા તેડી જવા તૈયાર હોય તો પોતે પોતાની સાસરીમા જવા તૈયાર છે. ડોમેસ્ટીટક વાયોલન્સ એકટ અન્વયેની અરજીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમને ૪૬૮નો બાધ નડતો નથી. તેમ છતાં વિધ્વાન ટ્રાયલ કોર્ટે અરજદાર સને ૨૦૧૧થી સાસરીમા ગયા નથી તે હકીકત પર વધારે ભાર આપેલ છે અને અરજી

ખોટી રીતે રદ કરેલ છે. સામાવાળા નંબર ૦૩નું કૃત્ય ડોમેસ્ટીક વાયોલન્સમાં સમાવેશ થતું હોવા છતાં વિધ્વાન ટ્રાયલ કોર્ટે અરજદાર વિરુધ્ધ ખોટો અને ભુલભરેલો હુકમ કરેલ હોઈ તે રદ કરવા અને અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૬.૨)..** પ્રતિવિવાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી કે.કે.પરમારે આંક–૧૨થી લેખિત દલીલો રજુ કરેલ છે. જેમાં તેમણે રજુઆત કરેલ છે કે અરજદારે શારીરીક અને માનસિક ત્રાસ આપ્યાની હકીકત પોતાની અરજીમાં જણાવેલ છે પરંતુ પોતાની અરજીમાં કે જુબાનીમાં બનાવની કોઈ તારીખ કે સમય જણાવેલ નથી કે આજદિન સુધી સામાવાળા વિરુધ્ધ તે અંગે કયારેય કોઈ ફરીયાદ કરેલ નથી. વધુમાં અરજદારે વ્યથા અંગે કોઈ તબીબી સારવાર મેળવેલ હોય તેવા કોઈ પુરાવા રજુ કરેલા નથી. સામાવાળાઓએ અરજદાર પાસે દહેજમાં શું વસ્તુની માંગણી કરેલ તેનો કોઈ ખુલાસો કરેલ નથી. અરજદાર તેમની અરજી તથા સોંગદનામામાં તેમના દીકરા કાર્તિકના જન્મ બાદ સામાવાળા દહેજ લઈ આવવા બાબતે દબાણ કરતા હતા તેવુ જણાવેલ છે જયારે ઘરેલુ હીંસાના બનાવ અંગેના અહેવાલમાં લગ્નના બે માસ બાદ જ સામાવાળાઓ ઘરેલુ હીંસા આચરતા હતા તેવું જણાવેલ છે. આમ, પરસ્પરનો વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે સિધ્ધપુર વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં અરજદારે ક્રિમીનલ પરચુરણ અરજ–૧૧૬/૨૦૧૧ દાખલ કરી સામાવાળા વિરુધ્ધ ભરણપોષણની દાદ માંગેલી જે અરજી મંજુર થતા સામાવાળા નંબર ૦૧ અરજદારને હુકમ મુજબ ભરણપોષણ ચુકવી આપે છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ બનાવ સને ૨૦૧૧ પહેલાનો છે. અરજદારે બનાવના એક વર્ષમાં ફરીયાદ કરવી જોઈતી હતી પરંતુ વિલંબથી ફરીયાદ કરેલી હોય ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૬૮ નો બાધ નડે છે. જેથી અરજદારની પ્રસ્તુત અપીલ રદ કરવા વિનંતી કરેલ છે.

**(૭)..** બંને તરફેની રજુઆત ધ્યાનમાં લીધી, પુરાવાનું વિશ્લેષણ અને પુન:મૂલ્યાંકન કરીએ તો વિવાદી આશાબેન ધ્વારા વિધ્વાન એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ ઉંઝાની કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે વિવિધ દાદ મેળવવા કલમ–૧૨ મુજબની અરજી કરવામાં આવેલી, જેને સાબિત કરવા અરજદારે આંક–૧૨થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ

છે. સદર સોગંદનામુ વંચાણે લઈએ તો અરજદારે જણાવેલ છે કે, સત્તર વર્ષ અગાઉ તેણીનું સામાવાળા નંબર–૦૧ સાથે લગ્ન થયેલ અને લગ્નબાદ તેણીને શરુઆતમાં સારી રીતે રાખવામાં આવેલ ત્યારપછી પુત્ર કાર્તિકના જન્મ બાદ સામાવાળા દહેજ લઈ આવવા બાબતે દબાણ કરતા અને સામાવાળા નંબર ૦૨ અને ૦૩ ની ચઢવણીથી સામાવાળા નંબર–૦૧ મારઝુડ કરતા અને શારીરીક માનસિક ત્રાસ આપતા. વધુમાં ઘણી વખત અરજદારને ખાવાનું પણ આપતા નહી અને ઘરમાં પુરી રાખતા અને એક નોકરાણી જેવું ઉપેક્ષાભર્યુ અને ક્રુરતાપુર્ણ વર્તન તેમની સાથે કરતા. સામાવાળા નંબર ૦૧ને પરસ્ત્રી સાથે અનૈતિક સંબંધો હોઈ તેના કારણે તે અરજદારને મારઝુડ પણ કરતા અને ઉશ્કેરાયેલા રહેતા. અરજદાર પોતાના પીયર જતા ત્યારે માતા પિતાને આ બધી વાત કરતા પરંતુ ધીરે ધીરે બધુ સારું થઈ જશે તેમ સમજાવી માતા પિતા તેમને સાસરીમાં પરત મોકલતા. પોતાનો ઘરસંસાર ન બગડે તે હેતુથી અરજદાર સામાવાળાઓનો ત્રાસ મુંગે મોઢે સહન કરતા. સને ૨૦૧૧માં સામાવાળાઓએ અરજદારને મેણાં ટોણાં મારી દહેજની માંગણી કરી પહેરેલ કપડે કાઢી મુકેલ અને ત્યારથી તે નિસહાય હાલતમાં પોતાના પિતાને ત્યાં રહે છે. વધુમાં અરજદાર જણાવે છે કે તેણીએ સિધ્ધપુર કોર્ટમાં સામાવાળા નંબર–૦૧ વિરુધ્ધ ભરણપોષણનો કેસ કરેલો જેમાં અદાલતે અરજદારને માસિક રૂપીયા બે હજાર અને તેના બાળકને માસિક રૂપીયા હજાર, અરજી કર્યા તારીખથી ચુકવવા સામાવાળા વિરુધ્ધ હુકમ કરેલો. વધુમાં તેઓની રજુઆત છે કે, અરજદારની ચઢેલી ભરણપોષણની રકમ સામાવાળા બે અઢી વર્ષથી ચુકવતા નથી અને છુટાછેડા લેવા માટે દબાણ કરે છે. વધુમાં અરજદારે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે લગ્ન વખતે તેણીને મળેલ કરીયાવર, સ્ત્રીધન સામાવાળાએ પરત કરેલ નથી.

(૮).. સામાવાળા તરફે વિધ્વાન વકીલ શ્રી કે.કે.પરમારે લંબાણપુર્વકની અરજદારની ઉલટ તપાસ હાથ ધરેલ છે. જેમાં રેકર્ડ પર આવેલી કેટલીક હકીકતો જેના ઉપર સામાવાળા વિશેષ આધાર રાખે છે તેને ધ્યાને લઈએ તો અરજદારે પોતાની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તેના લગ્નને ઓગણીસ વર્ષ જેટલો સમય થયેલ છે. અરજદારના ભાઈ રમેશભાઈના લગ્ન અરજદારના નણંદ સામાવાળા નંબર–૦૩ ભાવનાબેન રાજપુત સાથે થયેલ છે. ભાવનાબેન

રાજપુતે અરજદાર તથા અરજદારના ભાઈ વિરુધ્ધ ડોમેસ્ટીક વાયોલન્સનો કેસ કરેલ છે. અરજદાર વધુમાં સ્વીકારે છે કે સને ૨૦૧૧થી તે સાસરીમા ગયેલ નથી કે સામાવાળાઓએ ત્રાસ આપેલ છે તે અંગે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. સામાવાળાઓએ મારઝુડ કરી હોય તેની સારવાર કરેલ હોય તે બતાવતા કોઈ પુરાવા રજુ કરેલા નથી. અરજદાર વધુમાં સ્વીકારે છે કે તેણીએ કરીયાવરની ચીજવસ્તુ તથા દાગીનાના બીલો રજુ કરેલા નથી. અરજદારે વધુમાં સ્વીકારેલ છે કે સામાવાળા તેડી જાય તો પોતે જવા તૈયાર છે. વધુમાં અરજદાર સ્વીકારે છે કે પોતે લગ્નના હકકો પુરા કરવા માટે કોઈ કેસ કરેલ નથી. અરજદારના બાપ દાદાને ખેતીવાડીની જમીન છે વિગેરે હકીકતો ઉલટ તપાસમાં રેકર્ડ પર આવેલ છે.

(૯).. વિધ્વાન ટ્રાયલ કોર્ટે અરજદારની ડોમેસ્ટીટક વાયોલન્સ એકટની પ્રસ્તુત અરજી મુખ્યત્વે એવા કારણસર નામંજુર કરેલ છે કે, અરજદારે પોતાની અરજી કે જુબાનીમાં બનાવની તારીખ કે સમય જણાવેલ નથી તેમજ અરજદારે બનાવની કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી કે તબીબી સારવાર લીધાના પુરાવા રજુ કરેલા નથી તેમજ દહેજમાં શું માંગેલ તેનો ખુલાસો કરેલ નથી. વળી અરજદાર સને ૨૦૧૧થી સામાવાળાના ઘરે ગયેલા નથી અને તેમની સાથે લગ્નજીવન વિતાવેલ નથી વિગેરે કારણને આગળ ધરી વિધ્વાન ટ્રાયલ કોર્ટે એવા તારણ પર પહોચેલ છે કે આ કીસ્સામાં અરજદાર ઘરેલું હીંસાનો ભોગ બનેલ છે તેવુ ઠરાવવું યોગ્ય નથી.

(૧૦).. અરજદારની જુબાનીનું સમગ્રત: મૂલ્યાંકન કરતા તેણીએ સામાવાળા સાથેના લગ્નજીવન દરમ્યાન સામાવાળા તરફથી આપવામાં આવતા ત્રાસ અંગેની વિગતો પોતાની અરજીમાં અને જુબાનીમાં જણાવેલ છે તેમાં કોઈ જ વિસંગતતા રેકર્ડ પર આવેલ નથી. ઘરેલુ હીંસાના બનાવો રોજબરોજ બનતા હોય અને તે ઘરની ચાર દિવાલોની વચ્ચે બનતા હોય, આવા રોજબરોજના બનાવોની અરજદાર રોજનીશી નિભાવે તેવી અપેક્ષા રાખી શકાય નહી માટે અરજદાર દરેક બનાવની તારીખ અને સમય પોતાની જુબાનીમાં વર્ણવે તેવી અપેક્ષા પણ અરજદાર પાસેથી આ પ્રકારના કેસોમાં રાખી શકાય નહી. વધુમાં ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૨ અન્વયેની અરજીના પુરાવાનું પૃથ્થકરણ તથા મૂલ્યાંકન કરતી

વખતે અદાલતે એ બાબતને ન ભુલવી જોઈએ કે આ પ્રકારની અરજી એ કોઈ ક્રિમીનલ ટ્રાયલ નથી માટે આવી અરજીમાં રજુ થયેલા પુરાવાના મૂલ્યાંકન વખતે અદાલત અરજદાર પાસેથી વ્યાજબી શંકારહીત પુરાવાની અપેક્ષા રાખી શકે નહી. એ હકીકત નિર્વિવાદ છે કે સને ૨૦૧૧ થી અરજદાર પોતાની સાસરીમાં ગયેલ નથી અને પોતાના પુત્ર સાથે પોતાના પિયરમાં રહે છે. સામાવાળા તરફેની ઉલટ તપાસમાં એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે અરજદાર સને ૨૦૧૧માં પોતાના પીચર ગયા તે પછી તેણી તથા તેણીના બાળકના ભરણપોષણ, રહેઠાણ વિગેરેની વ્યવસ્થા માટે સામાવાળા તરફથી કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી હોય. રેકર્ડ પરથી એવું પણ જણાય છે કે અરજદારે સિધ્ધપુર કોર્ટમાં સામાવાળા વિરુધ્ધ ભરણપોષણની અરજી કરી તે પછી સને ૨૦૨૦ માં સામાવાળાએ ચઢેલુ ભરણપોષણ ચુકવેલ છે. આમ, સામવાળા નંબર–૦૧ કે જે અરજદાર નંબર–૦૧ ના પતિ અને અરજદાર નંબર–૦૨ ના પિતા છે તેઓ નૈતિક રીતે પણ અરજદારોના ભરણપોષણ માટે અનુસર્યા હોય તેવુ ફલિત થતુ નથી. અદાલત હુકમ કરે અને ત્યારબાદ ભરણપોષણની રકમ ચુકવવામાં આવે તે બાબતને આગળ ધરીને સામાવાળા એવું ન કહી શકે કે હું અરજદારનું નૈતિક રીતે પાલન અને પોષણ કરુ છું. સામાવાળા ધ્વારા સને ૨૦૨૦ માં જે ભરણપોષણ ચુકવાયુ છે તે કાનૂની હુકમના અનુસંધાને ચુકવાયેલ છે.

**(૧૧)..** વધુમાં આ તબકકે એ નોંધવુ જરુરી છે કે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૦૩ વંચાણે લઈએ તો તેમાં ઘરેલું હીંસાના બનાવના વ્યાપમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય તે વિસ્તૃતપણે વર્ણવેલ છે. વ્યથિત વ્યકિતને શારીરીક દુર્વ્યવ્યવહાર કરી પ્રતાડીત કરવામાં આવેલ હોય, જાતિય દુર્વ્યવ્યવહાર આચવામાં આવેલ હોય, આર્થિક દુર્વ્યવ્યવહાર આચરવામાં આવેલ હોય તો તે તમામનો સમાવેશ ઘરેલુ હીંસામાં થાય છે. આ કીસ્સામાં ઉપર ચર્ચા કરી તે મુજબ સામાવાળાએ શારીરીક દુર્વ્યવ્યવહાર પણ આચરેલ છે અને આર્થિક દુર્વ્યવ્યવહાર પણ આચરેલ છે. વધુમાં ક્રિમીનલ પરચુરણ અરજ નંબર–૪૫/૨૦૧૯નું રેકર્ડ જોતા વિધ્વાન ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી સબબ પ્રોટેકશન ઓફીસરને નોટીસ કરી ઘરેલુ હીંસાના બનાવ અંગે અહેવાલ આપવા જણાવેલ છે અને તે હુકમ આધારે પ્રોટેકશન ઓફીસરે પણ વિગતવાર ઘરેલુ હીંસાનો અહેવાલ વિધ્વાન ટ્રાયલ કોર્ટમાં રજુ

કરેલ છે. જે અહેવાલ વંચાણે લઈએ તો અરજદારે કરેલી અરજીની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ જણાય છે.

**(૧૨)..** વધુમાં રેકર્ડ જોઈએ તો સામાવાળા નંબર–૦૧ રણજીતસીંહ રાજપુતે પોતાના બચાવમાં આંક–૩૧થી સરતપાસનું સોગંદનામુ આપેલ છે. તેઓ પોતાના સોગંદનામામાં જણાવે છે કે અરજદારને લગ્ન કર્યા ત્યારથી જ સાસરીમાં રહેવુ ગમતુ ન હતુ. તેઓ ઘરકામ કરતા ન હતા અને સામાવાળા ઠપકો આપતા તો અરજદાર કહેતા કે ઘરકામ કરવા માટે નોકરાણી રાખો હું કોઈ ઘરકામ કરીશ નહી. વધુમાં સામાવાળાની રજુઆત છે કે અરજદાર તે સામાવાળાના માતા અને બહેનને ત્રાસ આપતા અને આ બાબતે અરજદારને ઠપકો આપતા તો તેઓ પોતાના પીયરના માણસોને બોલાવી સામાવાળાના માતા પિતાને માર મરાવતા અને ધમકી આપતા. વધુમાં તેઓની રજુઆત છે કે ક્રિમીનલ પરચુરણ અરજ નંબર–૧૧૬/૨૦૧૧ વાળી ભરણપોષણની અરજી કરી તેના બે વર્ષ અગાઉ અરજદારના પરીવારજનોએ સામાવાળાના માતા પિતાને મારઝુડ કરતા સામાવાળાના પિતા આઘાત સહન ન કરી શકતા બીજા દિવસે મરણ પામેલ તેમ છતાં પોતાનુ લગ્નજીવન ન બગડે તે માટે સામાવાળાએ આ અંગે કોઈ પોલીસ ફરીયાદ કરેલી નહી. વધુમાં સામાવાળાની રજુઆત છે કે તેમના દીકરાના જન્મ નિમિતે માતાજીની પલ્લીનો પ્રસંગ પુરો થયા બાદ સામાવાળા મજુરીએ ગયેલા તે વખતે અરજદાર તે સામાવાળા નંબર–૦૩ સાથે ઝઘડો કરી દર–દાગીના લઈ સામાવાળાને પુછયા વગર પીયર જતા રહેલા અને ત્યારબાદ ઘણા પ્રયત્ન કરેલા છતા પરત આવેલા નથી, વિગેરે મતલબની હકીકતો જણાવે છે.

**(૧૩)..** સામાવાળાની રજુઆતને દલીલો ખાતર એક તબકકે સાચી માની લઈએ તો પણ એ હકીકત ઉભરી આવે છે કે સામાવાળા અને અરજદારના લગ્નજીવનમા ગૃહ કંકાશ હતો. વળી સામાવાળા જણાવે છે તેમ અરજદાર ઘરના કામ ન કરતા તો તેઓ અરજદારને ઠપકો આપતા, આ બાબત પણ એ વાતની પ્રતિતિ કરાવે છે કે અરજદાર જણાવે છે તેમ સાસરીમાં તેમનું લગ્નજીવન સુખમય ચાલતુ ન હતુ. વધુમાં સને ૨૦૧૧થી અરજદાર પિયરમાં રહે છે, પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટ જણાવે છે કે સામાવાળા તેડી જાય તો

પોતે જવા તૈયાર છે, તો અહીં સામાવાળા વિરુધ્ધ એ સવાલ ઉત્પન્ન થાય છે કે તેમણે કેમ અરજદારને તેડી જવા પ્રયત્ન કરેલ નથી? વળી એક તબકકે એવું માની લઈએ તો સામાવાળા ધ્વારા અરજદારને તેડી જવા માટે પ્રયત્ન થયેલ છે તો પણ જયાં સુધી કોઈ વ્યકિતને રહેવા માટે ઘરમાં ઉચિત અને હુંફભર્યુ વાતાવરણ ન મળે ત્યાં સુધી તે વ્યકિત તે ઘરમાં આનંદથી જીવીના શકે, કોઈ ઘરમાં માત્ર રહેવુ તે અગત્યનું નથી, આનંદ સાથે અને ગરીમા સાથે રહેવુ અને જીવવુ તે અગત્યનું છે. કોઈ વ્યકિતને કામવાળાની માફક પોતાના સ્વાર્થ ખાતર પોતાના ઘરે રાખવી તે તેણીનો નિભાવ કર્યો ગણાય નહી. અરજદાર તે સામાવાળા નંબર ૦૧ના કાયદેસરના પત્નિ છે માટે સામાવાળા નંબર–૦૧ ના ઘરમાં ગરીમાપુર્ણ જીવન જીવવા માટે હકકદાર છે. સમગ્ર રીતે જોઈએ તો સામાવાળાએ અરજદારને અને તેના બાળકને તે દરજજે નિભાવ કર્યો હોય તેવુ પ્રતિપાદિત થતુ નથી. વધુમાં અરજદારે સામાવાળાનું ઘર છોડયા પછી એટલે કે સને ૨૦૧૧ પછી આઠ વર્ષ બાદ તારીખ ૧૫/૦૩/૨૦૧૯ ના રોજ હાલની અરજી કરેલ છે. અત્રે નોંધવુ જરુરી છે કે **નામદાર સુપ્રીમ કોર્ટે શાલીની વિરુધ્ધ કીશોર, એઆઈઆર ૨૦૧૫ સુ.કો., પેજ ૨૬૦૫** ના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૨ અન્વયેની અરજી તે ક્રિમીનલ ટ્રાયલ નથી અને તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૬૮નો બાધ લાગુ પડતો નથી વિગેરે મતલબનુ ઠરાવેલ છે, આમ અરજદારે વિલંબથી અરજી કરેલ છે તેટલા કારણથી અરજીને રદ કરવી કોઈપણ રીતે યોગ્ય કે વ્યાજબી ગણાય નહી. વળી દરેક ઘરેલુ હીંસાના બનાવની ભોગ બનનાર પોલીસ ફરીયાદ કરે તો ભારતના પોલીસ સ્ટેશનો માત્ર આ ગુનાઓથી જ ઉભરાઈ જાય, સાસરીયાઓ તરફથી આપવામાં આવતા મેણાંટોણાંની રોજેરોજ ભોગ બનનાર પોલીસ ફરીયાદ કરે તેવી અપેક્ષા પણ રાખી શકાય નહી. આમ, વિધ્વાન ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી નામંજુર કરવા માટે પોલીસ ફરીયાદ થયેલ નથી તે પાસાને આધાર બનાવેલ છે તે સાથે પણ અત્રેની અપીલ અદાલત સંમત થતી નથી.

(૧૪).. આમ, ઉપરોકત ચર્ચા અને સંજોગો જોતા અરજદાર તરફે રજુ થયેલા પુરાવા એવા તારણ પર પહોચવા માટે પુરતા છે કે, સામાવાળા તરફથી અરજદારને ઘરેલું હીંસાનો ભોગ બનાવવામાં આવતા હતા. આમ, વિધ્વાન ટ્રાયલ કોર્ટનું તારણ ખોટું હોય તે સાથે અત્રેની અપીલ અદાલત બિલકુલ સંમત થતી નથી.

**(૧૫)..** હવે અત્રેની અપીલ અદાલત સમક્ષ એ પ્રશ્ન ઉદભવે છે કે શું અરજદાર આશાબેન તેમની અરજીમાં માંગ્યા મુજબ ભરણપોષણ મેળવવા હકકદાર છે? તો તે અનુસંધાને અરજીનું રેકર્ડ તપાસીએ તો સામાવાળાની આવક અંગેના કોઈ પુરાવા રેકર્ડ પર આવેલા નથી. વધુમાં એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે અરજદારને માસિક રૂપીયા બે હજાર અને અરજદારના બાળકને માસિક રૂપીયા એક હજાર તારીખ ૨૪/૦૯/૨૦૧૨થી ચુકવવા હુકમ થયેલ છે. વધુમાં એ હકીકત પણ રેકર્ડ પર આવેલ છે કે સને ૨૦૨૦ સુધીનું ભરણપોષણ ચુકવાઈ ગયેલ છે. આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે **રજનેશ વિરુધ્ધ નેહા, ક્રિમીનલ અપીલ નંબર–૭૩૦/૨૦૨૦** ના કામે તારીખ ૦૪/૧૧/૨૦૨૦ના રોજ આપેલ ચુકાદો અને ડાયરેકશન ધ્યાનમા લેવા જરુરી છે જે નીચે મુજબ છે.

**Criminal Appeal No. 730 of 2020 (Arising out of SLP (Crl.) No. 9503 of 2018) Decided On: 04.11.2020 Rajnesh Vs. Neha and Ors.**

56. It is well settled that a wife can make a claim for maintenance under different statutes. For instance, there is no bar to seek maintenance both under the D.V. Act and Section 125 of the Code of Criminal Procedure, or under H.M.A. It would, however, be inequitable to direct the husband to pay maintenance under each of the proceedings, independent of the relief granted in a previous proceeding. If maintenance is awarded to the wife in a previously instituted proceeding, she is under a legal obligation to disclose the same in a subsequent proceeding for maintenance, which may be filed under another enactment. While deciding the quantum of maintenance in the subsequent proceeding, the civil court/family court shall take into account the maintenance awarded in any previously instituted proceeding, and determine the maintenance payable to the claimant.

**(૧૬)..** આમ આ કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ અગાઉની કોર્ટ કાર્યવાહીમાં થયેલ ભરણપોષણનો હુકમ અને ભરણપોષણની રકમ ત્યારપછી ભરણપોષણ મેળવવા માટે કરેલી

અરજીના હુકમમાં મજરે આપવી જોઈએ. આમ, અરજદારને પોતાના તથા બાળકના ભરણપોષણ માટે માસિક રૂપીયા ત્રણ હજાર ચુકવવા માટે જે હુકમ થયેલ છે, વળી સામાવાળાની રજુઆત મુજબ ક્રિમીનલ પરચુરણ અરજ નંબર–૨૯૭/૨૧૬ના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૭ મુજબ વિધ્વાન ઉંઝા મેજીસ્ટ્રેટ કોર્ટે તારીખ ૧૩/૦૧/૨૦૨૩ ના રોજ હુકમ કરી અરજદારનુ ચુકવાતી ભરણપોષણની રકમમાં રૂપીયા એક હજારનો અને તેના બાળકને ચુકવાતી ભરણપોષણની રકમમાં રૂપીયા પાંચસોનો વધારો કરેલ છે. આમ હાલના તબકકે અરજદારોના ભરણપોષણ માટે તેટલી રકમ પુરતી જણાય છે અને તે ઉપરાંત વધુ ભરણપોષણનો હુકમ કરવો અત્રેની અપીલ અદાલતને વ્યાજબી જણાતુ નથી.

**(૧૭)..** એ હકીકત ર્નિવિવાદ છે કે સને ૨૦૧૧થી અરજદાર તેમના બાળક સાથે પોતાના પિયરમાં રહે છે અને સામાવાળાએ તેણીના રહેણાંક માટે કોઈ જ વ્યવસ્થા કરી હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. આ સંજોગોમાં સામાવાળા નંબર–૦૧ તે અરજદાર નંબર–૦૧ ને ઘરભાડા પેટે માસિક રૂપીયા એક હજાર પુરા દર મહીને ચઢયે ચઢયા ચુકવી આપે તેવો હુકમ કરી આપીએ તો તે ઉચિત ગણાશે.

**(૧૮)..** વધુમાં અત્રેની અપીલ અદાલત જયારે એવા તારણ પર પહોચેલ છે કે સામાવાળાએ અરજદારને ઘરેલુ હીંસાનો શીકાર બનાવેલ છે તેવા સંજોગોમા શારીરીક માનસિક ત્રાસના વળતર બદલ સામવાળા નંબર–૦૧ તે અરજદારને રૂપીયા ૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) અલગથી ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે તો તે ન્યાયોચિત હુકમ ગણાશે.

**(૧૯)..** અરજદારે સામવાળા પાસેથી પોતાના કરીયાવરનો સામાન પરત મેળવવા દાદ માંગેલ છે, પરંતુ તે માટેના નકકર આધાર પુરાવાની ગેરહાજરીમાં આ તબકકે તે દાદ મંજુર કરવી અત્રેની અપીલ અદાલતને યોગ્ય જણાતુ નથી.

(૨૦).. આમ ઉપરોકત ચર્ચા અને સંજોગો જોતા **મુદ્દા નંબર–૦૧** અને **મુદ્દા નંબર–૦૨** નો જવાબ તે મુજબ **હકારમા** ઠરાવી **મુદ્દા નંબર–૦૩** પરત્વે ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરુ છુ.

**::: હુ ક મ :::**

(૧).. આથી ક્રિમીનલ અપીલ નંબર ૭૭/૨૦૨૨ **મંજુર** કરવામા આવે છે.

(૨).. પ્રતિવિવાદી નંબર–૦૧ રણજીતસીંહ ચમનજી રાજપુત વિરુધ્ધ હુકમ કરવામાં આવે છે કે તેઓએ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૯ મુજબ વિવાદી આશાબેન રાજપુતને ઘરભાડા પેટે અરજી કર્યા તારીખથી દર માસે રૂપીયા ૧,૦૦૦/–(અંકે રૂપીયા એક હજાર પુરા) ચઢયે ચઢયા ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩).. પ્રતિવિવાદી નંબર–૦૧ રણજીતસીંહ ચમનજી રાજપુત વિરુધ્ધ હુકમ કરવામાં આવે છે કે તેઓએ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૨૨ મુજબ વિવાદી આશાબેન રાજપુતને વળતર પેટે રૂપીયા ૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) અલગથી ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૪).. હુકમની એક નકલ સાથે ફોજદારી પરચુરણ અરજ નંબર–૪૫/૨૦૧૯નું અસલ રેકર્ડ વિધ્વાન ટ્રાયલ કોર્ટ તરફ સત્વરે મોકલી આપવુ.

(૫).. હુકમની એક નકલ તાત્કાલીક બંને પક્ષકારોને વિનામૂલ્યે આપવી.

હુકમ આજ તારીખ ૧૭મી માહે જૂન સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૭/૦૬/૨૦૨૩.
સ્થળ – વિસનગર.

**(સંજય. એલ. ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ જજ, વિસનગર.
Code No.GJ–00588

પી.એસ., મહેશ જી. રાવલ.